**<u>રાજકોટના મે. ત્રીજા એડી. ચીફ જયુડી. મેજી./ જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ</u>**

**ફોજદારી કેસ નં. 10388/2002**
આંક–૧ લગત હુકમ :–

**<u>ફરીયાદી:–</u>** સરકારી શ્રમ અધિકારી

વિરુઘ્ધ

**<u>આરોપી/ઓ:–</u>** (૧)નવયુવક પ્રગતિ સહકારી શરાફી મંડળી લી.
(૨)બીજલ હકુભાઈ ડાભી

<u>ગુનો : **લઘુતમ વેતન ધારાની ૧૯૯૮ની કલમ– ૨૨(એ)**</u>

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ **<u>લઘુતમ વેતન ધારાની કલમ– ૨૬(૨), ૨૨, નો</u>** ભંગ કરી **ની <u>૨૨(એ)</u>**ઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરીયાદ અદાલતમાં દાખલ કરતાં આરોપી વિરુઘ્ધ આ અદાલતે સદર ગુનાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ.

(૨) સદર કામે આરોપીને પ્રોસેસ બજવવા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી તેમજ તમામ પ્રયત્નો કરવા છતાં આરોપીને ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તેમજ અવારનવાર પ્રયત્નો કરવા છતા આરોપી મળી આવતો ન હોય સદર કામે ફરીયાદી–કચેરીના અધિકારી ને પ્રોસેસ કાઢી બજવણી અર્થે સોપવામાં આવેલા તેમજ તેઓને આરોપીને કોઈપણ રીતે શોધી તેઓના નવા સરનામાં અત્રેની અદાલત સમક્ષ રજુ કરવા જણાવવામાં આવેલ તથા હાલના સોપેલ પ્રોસેસ આરોપીને બજવણી કરી અત્રેની અદાલતને પરત કરવા આપવામાં આવેલ. પ્રસ્તુત કેસમાં ફરીયાદી–કચેરીના અધિકારી દવારા સદર પ્રોસેસની બજવણી કરવા પુરતા અને તમામ પ્રયત્નો કરવામાં આવેલ પરંતુ ફરીયાદી–કચેરીના અધિકારી આરોપીને શોધી શકવામાં કે સમન્સની બજવણી કરવામાં અસફળ રહેલ છે તથા તે મતલબની નોંધ કરી તેઓને સોપેલ પ્રોસેસ અત્રેની અદાલતને પરત ફરેલ છે.

(૩) ઉપરોકત હકીકત ઘ્યાને લેતા તેમજ હાલનુ કેસ રેકર્ડ વંચાણે લેતા પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તથા પ્રસ્તુત કેસમાં આરોપી નજીકના ભવીષ્યમાં પણ મળી આવે કે તેની સામે ટ્રાયલ શરૂ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી તદઉપરાંત હાલમાં અદાલતોમાં કેસોના ભરાવાનુ પ્રમાણ જોવામા આવે તો આવા પ્રકારના ડેડવુડ કેસો કે જેમાં ફરીયાદ પક્ષ પોતે આરોપીને શોધી શકે તેમ નથી, અદાલત સમક્ષ તેનુ કોઈ સરનામુ રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવીષ્યમા ટ્રાયલ શરૂ થઈ શક તેમ નથી તેવા કેસો ફરીયાદ પક્ષને આરોપી જયારે મળી આવે ત્યારે ફરીથી પ્રોસીકયુશન દાખલ કરવાની પરવાનગી સાથે ફેસલ કરવામાં આવે તો અદાલતોમાં પેન્ડીગ આવા જુના કેસો નુ ભારણ ઘટી શકે તેમજ અદાલતો અસરકારક કેસો પર પુરતુ ઘ્યાન આપી શક.

(૪) આ તબકકે અત્રેની અદાલતનુ ઘ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નંબર ૬૫૬/૧૯૯૯, ગુજરાત સરકાર વિ. કે.કે.હરખાણી ના કેસમાં તારીખ ૨૨/૦૩/૨૦૦૦ ના રોજ આપવામા આવેલ ચુકાદા પર જાય છે જેમા નામદાર ગુજરાત હાઈકોટ ઘ્વારા એવુ ઠરાવેલ છે કે,

"2. The learned JMFC, Bhavnagar the case is more than six years old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The court has attempted to effect the made attempts to serve them. However, so far they have remained unsuccessful in effecting

service. Under the circumstances the learned JMFC directed that the trial should proceed against the accused nos. 1 to 9 and 12, and that as and when addresses of accused nos. 10 and 11 are obtained, liberty is reserved to the complainant to file fresh complaints against them. ultimately the trial is directed to proceed as against accused nos. 1 to 9 and 12.

3. On the facts and circumstances of the case I find that the impugned order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, summarily dismissed."

(૫) ઉપરોકત તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ઘ્યાને લેતા હાલના કેસમા પણ જો ફરીયાદ પક્ષને જયારે આરોપી મળી આવે તેવા સંજોગોમાં ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેસલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે જેથી, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવ છે.

**-::હુ ક મ::-**

૧. આ કામના આરોપી મળી આવતા ન હોય તેમજ ફરીયાદ પક્ષ આરોપીનુ નવુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોય તેમજ આરોપી સામેની ટ્રાયલ ટુંક સમયમાં શરૂ થાય તેવી કોઈ શકયતા ન હોય, ફરીયાદ પક્ષને જયારે આરોપી તથા તેનુ સરનામુ મળી આવે ત્યારે ફરી થી નવું પ્રોસીકયુશન એટલે કે, નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી સામેની કાર્યવાહી હાલ પુરતી બંધ કરી હાલનો કેસ ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ :
તારીખ : ૧૦/૦૨/૨૦૧૮

**(મુસ્તાકઅહેમદ શકુરભાઈ બાકી)**
ત્રીજા એડી.સીની.સીવીલ જજ,
રા જ કો ટ.
(UIC NO. GJ 00683)